દેશ-પરદેશની
આજકાલ
aajkaaldaily.com
www.aajkaaldaily.com
Dt. 21-12-2024

# સુદામા ડેરી દ્વારા ખાણદાણ સહાય યોજના અંતર્ગત બેગનું થયુ વિતરણ

## ૨૨૨૪ લાભાર્થીઓને ૮૦ લાખની ૬૬૭૨ બેગ અપાઈ

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરની સુદામા ડેરી દ્વારા ગાભણ પશુ ખાણદાણ યોજના અંતર્ગત બેગનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લી. (સુદામા ડેરી) દ્વારા ગુજરાત સરકારની ગાભણ પશુ ખાણદાણ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લાના કુલ ૯૪૦ લાભાર્થીઓ તથા વિયાણ બાદ ખાણદાણ સહાય યોજના અંતર્ગત પોરબંદર જિલ્લાના કુલ ૧૨૮૪ લાભાર્થીઓને થઈ કુલ ૨૨૨૪ લાભાર્થીઓને કુલ બેગ ૬૬૭૨ જેની કિંમત અંદાજિત રૂા. ૮૦,૦૬,૪૦૦નું વિતરણ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સુદામા ડેરીના ચેરમેન ડો. આકાશ રાજશાખા, ડીરેકટર ભરતભાઈ ઓડેદરા, ડીરેકટર ભરતભાઈ બોખીરીયા તથા દૂધ સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટર શ્રીકાંત ભટ્ટ હાજરી આપવામાં આવેલ છે. આ વિતરણ સમયે સુદામા ડેરીના ચેરમેન ડો. આકાશ રાજશાખા દ્વારા પોરબંદર જિલ્લાના પશુપાલકોને વધુમાં વધુ ગુજરાત સરકારની યોજનાઓનો લાભ મળે તેવી વ્યવસ્થા સુદામા ડેરી દ્વારા કરવામાં આવેલ છે તથા સુદામા ડેરી દ્વારા નહી નફો નહી નુકશાનના ધોરણે અમુલ પાવર દાણ, અમુલ મિક્ષ દાણ, મિલ્કો ગોલ્ડ પાવડર અને કેલ્શીયમનું વેચાણ સુદામા ડેરી દ્વારા કરવામા આવે છે. આ અમુલ દાણ સુદામા ડેરી સાથે સંયોજીત તમામ દૂધ મંડળીઓને તેમના ગામ સુધી મળી શકશે. આ પશુ આહારનો ઉપયોગ કરવાથી પશુઓની તંદુરસ્તી તથા દુધની ગુવણામાં વધારો થાય છે. આ વર્ષ દરમ્યાન જે લાભાર્થીને લાભ થયેલ છે. ચેરમેન તથા પશુપાલકો દ્વારા ગુજરાત સરકારનો આભાર વ્યકત કરેલ છે.



સુદામા ડેરી દ્વારા ગાભણ પશુ ખાણદાણ યોજના અંતર્ગત બેગનું વિતરણ કરવામાં આવ્યુ તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

8:59

JAIHIND E-PAPER_21-12-202

પ્રકાશ



સુદામા ડેરી દ્વારા ગાભણ પશુ ખાણદાણ યોજના અંતર્ગત બેગનું વિતરણ કરવામાં આવ્યુ તેની તસ્વીર. (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# સુદામા ડેરી દ્વારા ખાણદાણ સહાય યોજના અંતર્ગત બેગનું થયુ વિતરણ

## ૨૨૨૪ લાભાર્થીઓને ૮૦ લાખની ૬૬૭૨ બેગ અપાઇ

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર,તા.૨૦

પોરબંદરની સુદામા ડેરી દ્વારા ગાભણ પશુ ખાણદાણ યોજના અંતર્ગત બેગનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લી. (સુદામા ડેરી) દ્વારા ગુજરાત સરકારની ગાભણ પશુ ખાણદાણ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લાના કુલ ૯૪૦ લાભાર્થીઓ તથા વિયાણ બાદ ખાણદાણ સહાય યોજના અંતર્ગત પોરબંદર જિલ્લાના કુલ ૧૨૮૪ લાભાર્થીઓને થઇ કુલ ૨૨૨૪ લાભાર્થીઓને કુલ બેગ ૬૬૭૨ જેની કિંમત અંદાજિત રૂા. ૮૦,૦૬,૪૦૦નું વિતરણ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત સુદામા ડેરીના ચેરમેન ડો. આકાશ રાજશાખા, ડીરેકટર ભરતભાઇ ઓડેદરા, ડીરેકટર ભરતભાઇ બોખીરીયા તથા દૂધ સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેકટર શ્રીકાંત ભટ્ટ હાજરી આપવામાં આવેલ છે. આ વિતરણ સમયે સુદામા ડેરીના ચેરમેન ડો. આકાશ રાજશાખા દ્વારા પોરબંદર જિલ્લાના પશુપાલકોને વધુમાં વધુ ગુજરાત સરકારની યોજનાઓનો લાભ મળે તેવી વ્યવસ્થા સુદામા ડેરી દ્વારા કરવામાં આવેલ છે તથા સુદામા ડેરી દ્વારા નહી નફો નહી નુકશાનના ધોરણે અમુલ પાવર દાણ, અમુલ મિક્ષ દાણ, મિલ્કો ગોલ્ડ પાવડર અને કેલ્શીયમનું વેચાણ સુદામા ડેરી દ્વારા કરવામા આવે છે. આ અમુલ દાણ સુદામા ડેરી સાથે સંયોજીત તમામ દૂધ મંડળીઓને તેમના ગામ સુધી મળી શકશે. આ પશુ આહારનો ઉપયોગ કરવાથી પશુઓની તંદુરસ્તી તથા દુધની ગુવણામાં વધારો થાય છે. આ વર્ષ દરમ્યાન જે લાભાર્થીને લાભ થયેલ છે. ચેરમેન તથા પશુપાલકો દ્વારા ગુજરાત સરકારનો આભાર વ્યકત કરેલ છે.

KHABAR JAGAT 21-...

# સુદામા ડેરી દ્વારા જિલ્લાનાં પશુપાલકોને ૮૦ લાખથી વધુની કિંમતનું પશુખાણ વિતરણ કરાયું

**ખબરપત્રી**
**પોરબંદર**



પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સુદામા ડેરી) દ્વારા પશુપાલકોને પશુ દાણનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારની ગાભણ પશુ ખાણ દાણ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લાના કુલ ૯૪૦ લાભાર્થીઓ તથા વિયાણ બાદ ખાસદાણ સહાય યોજના અંતર્ગત પોરબંદર જિલ્લાના કુલ ૧૨૮૪ લાભાર્થીઓને થઈ કુલ ૨૨૨૪ લાભાર્થીઓને કુલ બેગ ૬૬૭૨ જેની કિંમત અંદાજિત રૂા.૮૦,૦૬,૪૦૦/- નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત સુદામા ડેરીના ચેરમેન ડો.આકાશ રાજશાખા, ડીરેકટર ભરતભાઈ ઓડેદરા, ડીરેકટર ભરતભાઈ બોખીરીયા તથા દૂધ સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેકટર શ્રીકાંત ભટ્ટ દ્વારા હાજરી આપવામાં આવી હતી. આ વિતરણ સમયે સુદામા ડેરીના ચેરમેન ડો.આકાશ રાજશાખા એ જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લાના પશુપાલકોને વધુમાં વધુ ગુજરાત સરકારની યોજનાઓનો લાભ મળે તેવી વ્યવસ્થા સુદામા ડેરી દ્વારા કરવામાં આવી છે તથા સુદામા ડેરી દ્વારા નહિ નફો નહિ નુકશનના ધોરણે અમુલ પાવર દાણ, અમુલ મિક્ષ દાણ, મિલ્કો ગોલ્ડ પાવડર અને કેલ્શીયમનું વેંચાણ સુદામા ડેરી દ્વારા કરવામાં આવે છે. આ અમુલ દાણ સુદામા ડેરી સાથે સંયોજીત તમામ દૂધ મંડળીઓને તેમના ગામ સુધી મળી શકશે. આ પશુ આહારનો ઉપયોગ કરવાથી પશુઓની તંદુરસ્તી તથા દૂધની ગુણવતામાં વધારો થાય છે. આ વર્ષ દરમ્યાન જે લાભાર્થીને લાભ મળેલ છે તે માટે સુદામા ડેરીનાં ચેરમેન તથા પશુપાલકો દ્વારા ગુજરાત સરકારનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.